GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
( ISSN – 2582-8770 )
Globally peer-reviewed and open access journal.

# ભારતના આંતરરાષ્ટ્રીય વેપાર અને વાણિજ્ય પર કોવિડ પછીની આર્થિક અસર

## ટાલીયા ચનાભાઈ ભીખાભાઈ

રીસર્ચ સ્કોલર, અર્થશાસ્ત્ર ભવન
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,રાજકોટ

### સારાંશ

સાંપ્રત સમયમાં કોરોના મહામારીના કારણે વિશ્વની અનેક સરકાર દ્વારા લોકડાઉન જાહેર કરવામાં આવ્યા છે. વિશ્વ આર્થિક મંદી તરફ દોરાઈ ગયું છે. ભારત પણ તેમાંથી બાકાત નથી. ભારતીય અર્થતંત્ર સમક્ષ પણ અનેક આર્થિક પડકારો રહેલા છે. અર્થતંત્રને વેગવંતુ બનાવવા માટે આર્થિક પ્રવૃત્તિઓ ખૂબ જ જરૂરી છે. પરંતુ બીમારી અને મૃત્યુના ભય સાથે આર્થિક પ્રવૃત્તિઓ કરવી પ્રમાણમાં મુશ્કેલ છે. દેશની ભૌગોલિક હદની બહાર આવવા તેમજ જવા પર સંપૂર્ણ પ્રતિબંધ છે. ભારતની આયાત અને નિકાસમાં સતત ઘટાડો થવા પામ્યો હતો. જેની માઠી અસર આંતરરાષ્ટ્રીય વ્યાપાર પર જોવા મળી રહી છે.

**ચાવીરૂપ શબ્દો:** કોવિડ,વેપાર, આંતરરાષ્ટ્રીય વ્યાપાર, આયાત, નિકાસ, વ્યાપારતુલા

## પ્રસ્તાવના

કોરોના જીવલેણ વાયરસ છે. જેના કારણે વૈશ્વિક આરોગ્ય સંગઠન અને સ્વાસ્થ્ય કટોકટી જાહેર કરેલ છે. સમગ્ર વિશ્વમાં સામાજિક અંતર, લોકડાઉન વગેરે જેવી શરૂઆત કરવામાં આવી છે. આ પ્રવૃત્તિઓ અર્થતંત્ર પર નકારાત્મક અસર ઊભી કરી રહી છે. તેનાથી સમગ્ર વિશ્વ મંદી તરફ દોરાઈ ગયું છે. ભારત પણ તેમાંથી બાકાત નથી પ્રસ્તુત પેપરમાં આપણે ભારતના વ્યાપાર અને વાણિજ્ય પર કોવીડની અસરોની વિસ્તૃત ચર્ચા કરીશું.

## હેતુઓ

1. કોવીડ બાદ ભારતના વિદેશવ્યાપારમાં થયેલાં ફેરફારો વિશે માહિતી મેળવવી.
2. કોવીડ બાદ ભારતના વિદેશવ્યાપારનું કદ, બંધારણ અને દિશા માહિતી મેળવવી.
3. ભારતના વિદેશ વ્યાપાર અંગે વ્યાપારતુલાની માહિતી મેળવવી.

## ભારતના આંતરરાષ્ટ્રીય વ્યાપાર અને વાણિજ્ય પર કોવીડ પછીની અસર

અર્થતંત્રને વેગ આપનારા મુખ્ય ત્રણ ક્ષેત્રોમાં ખેતી, ઉદ્યોગ અને સેવા ક્ષેત્રનો સમાવેશ થાય છે. હાલમાં નાના પાયાના ઉદ્યોગો બંધ છે. મધ્યમ અને મોટા પાયાના ઉદ્યોગોએ પોતાનું ઉત્પાદન ઘટાડી દીધું છે. જેના કારણે ખેતી ક્ષેત્રને જરૂરી પૂરતા ખેતી સાધનોની તંગી વર્તાય રહી છે. દાખલા તરીકે જુદાં જુદાં બિયારણો, રાસાયણિક ખાતર, જંતુનાશક દવાઓ, સિંચાઈ માટેના પમ્પ, ઇલેક્ટ્રિક મોટર વગેરે પૂરતી માત્રામાં મળતા નથી જેની માઠી અસર ખેતી ક્ષેત્ર પર જોવા મળી

https://www.gapbhasha.org/

રહી છે. જેના કારણે ખેતી ક્ષેત્રે ઉત્પાદન અને ઉત્પાદકતા પર નકારાત્મક અસર જોવા મળશે. આ કારણે જ ઉદ્યોગોને પણ જરૂરી કાચોમાલ યોગ્ય માત્રામાં મળી રહેશે નહીં. તેમજ રોજગારી પર પણ તેની અસર જોવા મળશે. ખેતી તેમજ ઉદ્યોગ ક્ષેત્રની સંયુક્ત સેવા ક્ષેત્ર પર જોવા મળશે. કોવીડને કારણે નિર્માણ કાર્ય, ઓટોમોબાઈલ, કાપડ, કેમિકલ, ટુરિઝમ તેમજ જુદા જુદા ઉદ્યોગો પર તેની સૌથી વધારે અસર જોવા મળી રહી છે.

સમગ્ર વિશ્વમાં મંદીની અસર વર્તાય રહી છે. ભારતમાં પણ તેની અસર જોવા મળી રહી છે. આપણાં દેશની ભૌગોલિક હદની અંદર બહાર આવવાં જવા પર હાલમાં સંપૂર્ણ પ્રતિબંધ છે. વિમાની સેવાઓ, જહાજો દ્વારા થતો વેપાર આંશિક રીતે ચાલી રહ્યો છે. મનાવીઓનું સ્થળાંતર સંપૂર્ણ બંધ છે. આ સંજોગોમાં વસ્તુઓં, સેવાઓ, મૂડી, ટેકનોલોજી વગેરેનો વિનિમય શક્ય નથી. જેની અસર વિદેશ વ્યાપાર પર વર્તાઈ રહી છે. જે કોવીડનાં ભયથી તમામ વ્યવહારો ઠપ છે.

ભારતે પોતાની આયાતોમાં કાપ મૂક્યો છે. તેમજ નિકાસનું પ્રમાણ પણ કોવીડની સ્થિતિના કારણે ઘટવા પામ્યું છે. કારણ કે નાના પાયાના ઉદ્યોગો બંધ છે. જેના કારણે મંદી જોવા મળી રહી છે. આ મંદી લાંબા ગાળા માટે પણ હોઈ શકે તેવી શક્યતા વર્તાઈ રહી છે. ભારતે બિનજરૂરી ખર્ચ પર કાપ મૂકવો પડશે અને જરૂરી ખર્ચ માટે પ્રાથમિકતા નક્કી કરવી પડશે.

1 trade (Values in US$ billion )

| s. no. | year | exports | Growth (%) | import | Growth (%) | trade balance |
|---|---|---|---|---|---|---|
| 1 | 2010-11 | 249.82 | 39.76 | 369.77 | 28.23 | -119.95 |
| 2 | 2011-12 | 305.96 | 22.48 | 489.32 | 32.33 | -183.36 |
| 3 | 2012-13 | 300.40 | -1.82 | 490.74 | 0.29 | -190.34 |
| 4 | 2013-14 | 314.41 | 4.66 | 450.20 | -8.26 | -135.79 |
| 5 | 2014-15 | 310.34 | -1.29 | 448.03 | -0.48 | -137.69 |
| 6 | 2015-16 | 262.29 | -15.48 | 381.01 | -14.96 | -118.72 |
| 7 | 2016-17 | 275.85 | 5.17 | 384.36 | 0.88 | -108.50 |
| 8 | 2017-18 | 303.53 | 10.03 | 465.58 | 21.13 | -162.05 |
| 9 | 2018-19 | 330.08 | 8.75 | 514.08 | 10.42 | -184.00 |
| 10 | 2019-20 | 313.36 | -5.06 | 474.71 | -7.66 | -161.35 |
| | **April-december 2019** | **238.27** | | **364.18** | | **-125.91** |
| | **April-december 2020 (Qe)** | **200.80** | **-15.73** | **258.27** | **-29.08** | **-57.47** |

**Source: DGCI&S, Kolkata**


ઉપરોક્ત કોષ્ટકનો અભ્યાસ કરતાં જણાય છે કે વર્ષ 2010-11માં ભારતની નિકાસોનું પ્રમાણ 249.82 અને આયાતોનું પ્રમાણ 369.77 યુ.એસ. બિલિયન ડોલર રહેવા પામ્યું હતું. જેની સરખામણીએ કોવીડનાં કારણે વર્ષ 2019-20માં 313.36 અને આયાતોનું પ્રમાણ 474.71 યુ.એસ. બિલિયન ડોલર રહ્યું છે.

તે વર્ષ 2010-11માં અને 2019-20માં સુધી ભારતની વેપારતુલામાં નિકાસના પ્રમાણમાં આયાત વધુ હોવાથી સતત ખાધવાળી રહેવા પામી હતી. આ પછીના પણ દરેક વર્ષનો આપણે અભ્યાસ કરીએ તો ભારત દેશમાં આયાતો હંમેશા વધવા પામી છે. બીજી તરફ આપણી નિકાસોના પ્રમાણમાં પણ વધારો થયો છે. પરંતુ નિકાસોની સરખામણી આયાતનું પ્રમાણ હંમેશા વધુ રહ્યું છે. જેના કારણે વ્યાપારતુલામાં ખાધ જોવા મળી છે.

https://www.gapbhasha.org/

GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
( ISSN – 2582-8770 )
Globally peer-reviewed and open access journal.

**2. Overall Trade** *(Values in US$ billion)*




**Source: DGCI&S, Kolkata**

ઉપરોક્ત કોષ્ટકનો અભ્યાસ કરતાં જણાય છે કે વર્ષ 2010-11માં ભારતની નિકાસોનું પ્રમાણ 374.45 અને આયાતોનું પ્રમાણ 450.32 યુ.એસ. બિલિયન ડોલર રહેવા પામ્યું હતું. તેમજ વ્યપરતુલામાં -75.87 યુ.એસ. બિલિયન ડોલર જેટલી ખાધ રહેવા પામી હતી. જેની સરખામણીએ કોવીડનાં વર્ષ 2019-20માં 526.55 અને આયાતોનું પ્રમાણ 602.98 યુ.એસ. બિલિયન ડોલર તેમજ વ્યપરતુલામાં -76.43 યુ.એસ. બિલિયન ડોલર જેટલી ખાધ રહેવા પામી હતી. વર્ષ 2010-11માં અને 2019-20માં સુધી ભારતની વેપારતુલામાં નિકાસના પ્રમાણમાં આયાત વધુ હોવાથી સતત ખાધવાળી રહેવા પામી હતી.

આ પછીના પણ દરેક વર્ષનો આપણે અભ્યાસ કરીએ તો ભારત દેશમાં આયાતો હંમેશા વધવા પામી છે. બીજી તરફ આપણી નિકાસોના પ્રમાણમાં પણ વધારો થયો છે. પરંતુ નિકાસોની સરખામણી આયાતનું પ્રમાણ હંમેશા વધુ રહ્યું છે. જેના કારણે વ્યાપારતુલામાં ખાધ જોવા મળી છે.

**3. Exports top ten commodities in 2019-20** *(Values in US$ billion)*

| Rank | Commodity | 2018-19 | 2019-20 | Growth (%) | Share (%) |
|---|---|---|---|---|---|
| 1 | Petroleum products | 46.55 | 41.29 | -11.31 | 13.18 |
| 2 | Pearl, precious, semi-precious stones | 25.97 | 20.69 | -20.33 | 6.6 |
| 3 | Drug formulations, biologicals | 14.39 | 15.94 | 10.78 | 5.09 |
| 4 | Gold and other precious metal jewellery | 12.95 | 13.75 | 6.15 | 4.39 |
| 5 | Iron and Steel | 9.74 | 9.28 | -4.77 | 2.96 |
| 6 | Electric machinery and equipment | 8.42 | 8.97 | 6.45 | 2.86 |
| 7 | RMG cotton incl accessories | 8.69 | 8.64 | -0.6 | 2.76 |
| 8 | Organic chemicals | 9.33 | 8.35 | -10.47 | 2.66 |
| 9 | Motor vehicle/cars | 8.50 | 7.80 | -8.26 | 2.49 |
| 10 | Products of iron and steel | 7.26 | 7.01 | -3.49 | 2.24 |

**Source: DGCI&S, Kolkata**

ઉપરોક્ત કોષ્ટક પ્રમાણે વર્ષ 2018-19માં જુદી જુદી વસ્તુઓંનાં નિકાસનું પ્રમાણ જોવા મળ્યું છે તેની સરખામણી 2019-

https://www.gapbhasha.org/

20માં મોટા પાયે ઘટાડો થવા પામ્યો છે. જે કોવીડની સ્થિતિને કારણે ઘટાડો જોવા મળ્યો છે. જેની સીધી અસર ભારતની મુખ્ય નિકાસ ઉપર જોવા મળી રહી છે. ભારતની મુખ્ય નિકાસમાં પેટ્રોલિયમ પ્રોડક્ટ, કિંમતી ધાતુઓ, હીરા, જવેરાત, સોનુ, દવાઓ, લોખંડ, સ્ટીલ, ઈલેક્ટ્રીક મશિનરી, કાપડ, કેમિકલ, વાહન વ્યવહારના સાધનો વગેરેની નિકાસ મોટા પાયે કોવીડની સ્થિતિને કારણે તેમાં ઘટાડો થવા પામ્યો છે.

**4. Imports top ten commodities in 2019-20** *(Values in US$ billion)*

| Rank | Commodity | 2018-19 | 2019-20 | Growth (%) | Share (%) |
|---|---|---|---|---|---|
| 1 | Petroleum: crude | 114.04 | 102.75 | -9.90 | 21.64 |
| 2 | Gold | 32.91 | 28.23 | -14.22 | 5.95 |
| 3 | Petroleum products | 26.88 | 27.80 | 3.43 | 5.86 |
| 4 | Pearl, precious, semi-preciousstones | 27.08 | 22.46 | -17.05 | 4.73 |
| 5 | Coal, Coke and Briquittes etc. | 26.18 | 22.46 | -14.22 | 4.73 |
| 6 | Electronics components | 15.75 | 16.32 | 3.64 | 3.44 |
| 7 | Telecom instruments | 17.92 | 14.22 | -20.61 | 3.00 |
| 8 | Organic chemicals | 14.25 | 12.22 | -14.23 | 2.57 |
| 9 | Industrial machinery for dairyetc. | 12.47 | 11.98 | -3.93 | 2.52 |
| 10 | Electric machinery and equipment | 9.86 | 11.28 | 14.37 | 2.38 |

**Source: DGCI&S, Kolkata**

ઉપરોક્ત કોષ્ટક પ્રમાણે વર્ષ 2018-19માં જુદી જુદી વસ્તુઓંની આયાતોનું પ્રમાણ જોવા મળ્યું છે. તેની સરખામણી 2019-20માં આયાતો મોટા પાયે ઘટાડો થવા પામ્યો છે. જેની અસર ભારતની આયાતો પર જોવા મળી રહી છે. ભારતની મુખ્ય આયાતોમાં પેટ્રોલિયમ ક્રુડ, સોનુ, પેટ્રોલીયમ પ્રોડકટ્સ, કિંમતી ધાતુઓ, હીરા, જવેરાત, કોલસો, ઇલેક્ટ્રોનિક ઘટકો, ઉદ્યોગિક મશિનરી, કેમિકલના સાધનો વગેરેની આયાતો કોવીડની સ્થિતિને કારણે તેમાં ઘટાડો થવા પામ્યો છે.

**5. Top ten export destinations of India in 2019-20** *(Values in US$ billion)*

| Rank | Country | 2018-19 | 2019-20 | Growth (%) | Share (%) |
|---|---|---|---|---|---|
| 1 | U S A | 52.43 | 53.11 | 1.30 | 16.95 |
| 2 | United Arab Emirates | 30.13 | 28.85 | -4.23 | 9.21 |
| 3 | China | 16.75 | 16.61 | -0.83 | 5.30 |
| 4 | Hong Kong | 13.00 | 10.97 | -15.65 | 3.50 |
| 5 | Singapore | 11.57 | 8.92 | -22.90 | 2.85 |
| 6 | U K | 9.33 | 8.77 | -6.04 | 2.80 |
| 7 | Netherland | 8.81 | 8.37 | -5.05 | 2.67 |
| 8 | Germany | 8.90 | 8.29 | -6.89 | 2.65 |
| 9 | Bangladesh | 9.21 | 8.20 | -10.96 | 2.62 |
| 10 | Nepal | 7.77 | 7.16 | -7.80 | 2.29 |

**Source: DGCI&S, Kolkata**

ઉપરોક્ત કોષ્ટક પ્રમાણે ભારતનાં વિદેશ વ્યાપારની નિકાસની દિશામાં કોવીડનાં કારણે પરિવર્તનો થયેલા જોવા મળે છે. ભારત જુદા જુદા દેશો સાથે વ્યાપારથી જોડાયેલો છે. તે પ્રમાણે જોઈએ અગાઉનાં વર્ષની સરખામણીએ તો યુ.એ.ઈ.માં નિકાસમાં વૃદ્ધિ -4.23, ચીનમાં -0.83%, હોંગકોંગમાં -15.65%, સિંગાપુરમાં -22.90%, યુકેમાં -6.04%, નેધરલેન્ડમાં -5.05%, જર્મની -6.89%, બાંગ્લાદેશમાં -10.96%, તેમજ નેપાળમાં -7.80% જેટલો થવા પામ્યો હતો. જ્યારે અમેરિકામાં નિકાસમાં 1.30% જેટલી વૃદ્ધિ થવા પામી હતી.આમ ઉપરોકત બાબત પરથી સ્પષ્ટ થાય છે કે વિદેશ વ્યાપારમાં કોવીડનાં કારણે ઘટાડો થયેલો જોવાં મળે છે.

**6. Top ten import sources of India in 2019-20** *(Values in US$ billion)*

| Rank | Country | 2018-19 | 2019-20 | Growth (%) | Share (%) |
|---|---|---|---|---|---|
| 1 | China | 70.32 | 65.26 | -7.19 | 13.75 |
| 2 | U S A | 35.55 | 35.82 | 0.76 | 7.55 |
| 3 | United Arab Emirates | 29.79 | 30.27 | 1.61 | 6.38 |
| 4 | Saudi Arabia | 28.48 | 26.86 | -5.69 | 5.66 |
| 5 | Iraq | 22.37 | 23.74 | 6.11 | 5.00 |

https://www.gapbhasha.org/

GRAND ACADEMIC PORTAL
RESEARCH JOURNALS

GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
( ISSN – 2582-8770 )
Globally peer-reviewed and open access journal.

| | | | | | |
|---|---|---|---|---|---|
| 6 | Hong Kong | 17.99 | 16.94 | -5.85 | 3.57 |
| 7 | Switzerland | 18.09 | 16.90 | -6.57 | 3.56 |
| 8 | South Korea | 16.76 | 15.66 | -6.56 | 3.30 |
| 9 | Indonesia | 15.85 | 15.07 | -4.97 | 3.17 |
| 10 | Singapore | 16.28 | 14.75 | -9.43 | 3.11 |

**Source: DGCI&S, Kolkata**

ઉપરોક્ત કોષ્ટક પ્રમાણે ભારતનાં વિદેશ વ્યાપારની આયાતની દિશામાં કોવીડનાં કારણે પરિવર્તનો થયેલા જોવા મળે છે. ભારત જુદા જુદા દેશો સાથે વ્યાપારથી જોડાયેલો છે. તે પ્રમાણે જોઈએ અગાઉનાં વર્ષની સરખામણીએ જોઈએ તો આયાતોમાં ચીનમાં -7.19%, સાઉદી અરબમાં -5.69%, હોંગકોંગમાં -5.85%, સ્વીઝર્લેન્ડમાં -6.57%, સાઉથકોરિયામાં -6.56%, ઇન્ડોનેશિયામાં -4.97%, સિંગાપોરમાં -9.43% જેટલો ઘટાડો થવા પામ્યો હતો. જ્યારે અમેરિકામાં 0.76%, યુ.એ.ઈ.માં 1.61%, ઈરાકમાં 6.11% જેટલી આયાતોમાં વૃદ્ધિ થવા પામી હતી. આમ ઉપરોકત બાબત પરથી સ્પષ્ટ થાય છે કે વિદેશ વ્યાપારમાં કોવીડનાં કારણે આયાતોમાં થયેલો ઘટાડો જોવાં મળે છે.

## તારણો

કોવીડના કારણે ભારતીય અર્થતંત્ર પર ગંભીર અસરો જોવા મળી છે. ભારત દેશની વ્યાપારતુલામાં સતત વધારો થયેલો જોવા મળે છે. નિકાસના પ્રમાણમાં પણ ઘટાડો થયો છે. તેમજ આયાતનું પ્રમાણ ઘટ્યું છે. વિદેશ વેપારના બંધારણમાં પણ પરિવર્તનો ખાસ 2019-20 ના સમયગાળા દરમિયાન જોઇ શકાય છે કે તેમાં ઘટાડો થયેલો જોવા મળે છે. કોવીડની સ્થિતિના કારણે દેશના કૃષિ ઉદ્યોગ અને સેવા ક્ષેત્ર પર તેની માઠી અસર જોવા મળી છે. જેના કારણે રોજગારી, ઉત્પાદન, આવક, વપરાશ, ખર્ચ, બચત વગેરે પર પણ જોવા મળી છે, તેમજ દેશનું અર્થતંત્ર પર મંદીનીઅસર જોવા મળી રહી છે.

## REFERENCES

[1] પરમાર.બી.ડી., અને અન્યો (2012-2013). *આંતરરાષ્ટ્રીય અર્થશાસ્ત્ર-1.* અમદાવાદ:સી.જમનાદાસની કંપની.
[2] પટેલ.આર.સી., અને અન્યો (2012-2013). *આંતરરાષ્ટ્રીય અર્થશાસ્ત્ર.* સુરત:પોપ્યુલર પ્રકાશન.
[3] https://commerce.gov.in/wp-content/uploads/2021/03/Commerce-English-2020-21.pdf
[4] https://rbidocs.rbi.org.in/rdocs/Publications/PDFs/0HBS202024D4CA0CC03F4674B040F7DEDE7E5360.PDF
[5] https://www.researchgate.net/publication/332442657_An_Analysis_of_Indian_Foreign_Trade_in_Present_Era
[6] https://commerce.gov.in/
[7] http://www.dgciskol.gov.in/foreign_trade_statistics.aspx

https://www.gapbhasha.org/